પડે નિંદામણ નાશક દવા પેન્ડિમીથીલીન ૩૦ ઈસી ૧૦ લીટર પાણીમાં ૬૫ થી ૭૦ મીલી દવા વાવણી બાદ તુંરત જ અને પાક ઉગ્યા પહેલાં જમીનમાં ભેજની અવસ્થાએ છંટકાવ કરવો. બિનપિયત રવિ મગને બે થી ત્રણ આંતરખેડની જરૂરિયાત રહે છે. જેથી નિંદામણ નિયંત્રણમાં રહે છે તેમજ જમીનમાં રહેલ ભેજની જાળવણી પણ થાય છે.

**(૧૦) પિયત :**

રવિ મગને કુલ ૨ થી ૩ પિયતની જરૂરિયાત રહે છે. જો પિયતની સગવડ હોય તો સામાન્ય રીતે ફુલ આવે ત્યારે અને શીંગોમાં દાણા ભરાવવાનું ચાલુ થાય ત્યારે પિયત આપવું જોઈએ.

**(૧૧) પાક સંરક્ષણ :**

૧) શિયાળુ મગના પાકમાં ખાસ રોગ જીવાતનો ઉપદ્રવ જોવા મળતો નથી. તેમ છતાં સફેદમાખી, મોલોમશી તથા તડતડીયાં, જેવી ચૂસિયા પ્રકારની જીવાતોના નિયંત્રણ માટે ડાયમીથીએટ ૦.૦૩ ટકા (૧ લિટર પાણીમાં ૧ મિલી. દવા) અથવા મિથાઈલ ઓ-ડોમેટોન ૦.૦૩ ટકા (૧ લિટર પાણીમાં ૧ મિલી દવા.) નો છંટકાવ કરવો. આ ઉપરાંત, કાર્બોફ્યુરાન અથવા ફોરેટ જેવી દાણાદાર દવા ૧ કિ.ગ્રા. સક્રિય તત્ત્વ/હેકટર પ્રમાણે આપવી.

૨) ફુલ અને શીંગ અવસ્થાએ શીંગ કોરી ખાનાર ઈયળોના નિયંત્રણ માટે ૫૦ ટકા છોડ પર ફુલ બેસે ત્યારે જરૂર જણાય તો મોનોક્રોટોફોસ ૦.૦૪ (૧ લિટર પાણીમાં ૧ મિ.લી. દવા) નો છંટકાવ કરવો.

૩) વિષાણુથી થતા પીળા પચરંગિયા રોગનો ઉપદ્રવ જણાય તો આ રોગ ફેલાવનાર સફેદમાખીનું શોષક પ્રકારની દવા છાંટી નિયંત્રણ કરવું. રોગિષ્ઠ છોડ ઉખાડી તેનો નાશ કરવો અને બને ત્યાં સુધી વાવણી માટે રોગ પ્રતિકારક જાત પસંદ કરવી.

૪) ભુકીછારાના રોગના નિયંત્રણ માટે રોગની શરૂઆત થતાં ૦.૦૧૫% વેટેબલ સલ્ફર અથવા કાર્બોન્ડાઝીમ ૦.૦૨૫% ના દ્રાવણના ૧૫ દિવસના આંતરે ત્રણ છંટકાવ કરવા.

૫) પાનના ટપકાંના રોગ માટે પણ રોગની શરૂઆત થાય ત્યાંથી હેકઝાકોનાઝોલ ૦.૦૦૫% અથવા કાર્બન્ડાઝીમ ૦.૦૨૫% ના દ્રાવણના ૧૨ દિવસના આંતરે ત્રણ છંટકાવ કરવા.

**(૧૨) કાપણી :**

૮૦% શીંગો પાકી જાય ત્યારે સવારના પહોરમાં કાપણી હાથ ધરવી જેથી શીંગો ખરી ન પડે. કાપણી કર્યા બાદ ખળામાં સુકવી બળદ અથવા ટ્રેક્ટરથી મસળી ઉપણી દાણા ચોખ્ખા કરવા.



# શિયાળુ મગની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ




**કૃષિ સંશોધન કેન્દ્ર**

**અને**

**નર્મદા પિયત સંશોધન કેન્દ્ર**

**નવસારી કૃષિ યુનિવર્સિટી**

**તણછા-૩૯૨ ૦૨૫**

**ફોન નં. (૦૨૬૪૧) ૨૯૦૪૮૦**


**વર્ષ : ૨૦૧૫-૧૬**

# શિયાળુ મગની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ

ડૉ. વેદ પ્રકાશ રાય (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક) અને
શ્રી અંકિત ડી. ગઢિયા (ખેડીવાડી અધિકારી)
કૃષિ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., તણછા

પરંપરાગત શિયાળુ પાકોની સાથે સાથે શિયાળુ મગનું વાવેતર પણ લોકપ્રિય બનવા માંડ્યું છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના ભરૂચ તેમજ નર્મદા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ખેડૂતો શિયાળુ મગની ખેતી તરફ વળ્યાં છે. આના ઘણાં કારણો છે. જેવાકે,

- મગનો પાક ૯૦ થી ૯૫ દિવસમાં પાકી જતો હોવાથી ટુંકા ગાળામાં વધુ આવક આપે છે.
- રોગ, જીવાત અને નિંદામણના પ્રશ્નો ઓછા ઉદ્ભવે છે.
- કઠોળ વર્ગનો પાક હોઈ, મગ નાઈટ્રોજન સ્થિરીકરણ દ્વારા જમીનની ફળદ્રુપતા વધારે છે જેના કારણે તે પછીનો પાક સારો થાય છે.
- મગના ડાંખળા અને ફોતરી પૌષ્ટિક હોવાથી જાનવરોને ઉપયોગી ચારો પૂરો પાડે છે. તેમજ દૂધમાં ફેટનું પ્રમાણ પણ વધે છે.

ઉપર મુજબના ફાયદાઓ ઉપરાંત હાલમાં વધુ ઉત્પાદન આપતી વહેલી અને એકી સાથે પાકતી મગની જાતો ઉપલબ્ધ હોવાથી તથા મગના સારા બજાર ભાવ મળતા હોવાથી ખેડૂતો મગની તરફ આકર્ષાયા છે. સંશોધન ભલામણો આધારિત શિયાળુ મગની ખેતી પદ્ધતિ નીચે પ્રમાણે છે.

**(૧) આબોહવા :**

મગના પાકોને ગરમ અને ભેજવાળુ હવામાન વધુ અનુકુળ આવે છે. જમીનમાં ભેજ વધે તો હવાનું પ્રમાણ ઘટે છે. અને જો ભેજ ઘટે તો હવાનું પ્રમાણ વધે છે. જેની મુળીની દેહધાર્મિક પ્રક્રિયાઓ ઉપર માઠી અસર થાય છે. તેથી જમીનમાં પ્રમાણસરનો ભેજ હોવો જરૂરી છે.

**(૨) જમીન અને જમીનની તૈયારી :**

મગના પાકને ગોરાડુ, મધ્યમ કાળી અને સારા નિતારવાળી જમીન વધારે અનુકુળ છે. ચોમાસુ પાક લીધા હેકટરે ૧૦ ટન કોહવાયેલું છાણીયુ અથવા ગળતીયું ખાતર નાખવું. ત્યાર બાદ ખેડ કરી જમીન તૈયાર કરવી. જો ઢેફાં હોય તો સમાર મારી જમીન સપાટ અને સમતળ કરવી. છાણીયુ અથવા ગળતીયું ખાતર નાખવાથી જમીનની ભેજ સંગ્રહ શકિત અને ફળદ્રુપતામાં વધારો થવાથી બીજ સ્ફુરણ, છોડની વૃદ્ધિ અને વિકાસ સારો થાય છે.

**(૩) જાતની પસંદગી :**

શિયાળુ મગમાં જાતની પસંદગી ખુબ જ અગત્યનો મુદ્દો છે. પસંદ કરેલી જાત વહેલી પાકતી અને રોગ-જીવાત સામે પ્રતિકારકતા ધરાવતી હોવી



જોઈએ. શિયાળુ મગ માટે સીઓ-૪ અને જીબીએમ-૧ (કાળા મગ) જાત ભલામણ કરવામાં આવી છે.

**(૪) વાવણી સમય :**

દક્ષિણ ગુજરાતમાં બિનપિયત શિયાળુ મગનું વાવેતર ચોમાસુ પાકની કાપણી બાદ તરત જ જમીન તૈયાર કરીને અથવા ઓકટોબરના પ્રથમ પખવાડિયામાં હાથ ધરવું જોઈએ. જયારે પિયતની સગવડ હોય તો નવેમ્બરના પ્રથમ પખવાડિયા સુધીમાં વાવેતર કરી દેવું જોઈએ.

**(૫) બીજની માવજત :**

૧) બીજને વાવેતર કરતા પહેલા પારાયુકત દવા જેવી કે થાયરમ/કેપ્ટાનનો પટ ૨ થી ૩ ગ્રામ પ્રતિ ૧ કિલો બીજ મુજબ આપવો કે જેથી જમીન અને બીજ જન્ય રોગોથી સ્ફૂરણ થતા છોડનું રક્ષણ થઈ શકે.

૨) ત્યારબાદ મગના બિયારણને જી.એમ.બી.એસ. ૧ નામના રાઈઝોબિયમ કલ્ચરનો પટ આપી વાવેતર કરતા ૧૦ કિલો ગ્રામ નાઈટ્રોજનનો બચાવ કરી ઉત્પાદન ખર્ચ ઓછું કરી શકાય છે. આ માટે ૮ કિ.ગ્રા. બીજ દીઠ ૨૦૦ ગ્રામ કલ્ચરના પેકેટની જરૂર પડે છે. પટ આપ્યા બાદ બીજને છાંયડામાં સુકાવા દઈ વાવેતરના ઉપયોગમાં લેવું.

**(૬) બિયારણનો દર અને વાવણી પદ્ધતિ :**

બે ચાસ વચ્ચે ૩૦ સે.મી. નું અંતર રાખી પ્રથમ રાસાયણિક ખાતર ચાસમાં ઓરી દેવુ અને ત્યારબાદ એ જ ચાસમાં હેકટર દીઠ ૨૦ કિ.ગ્રા. બિયારણનો દર રાખી ઓરીને વાવણી કરવી. વાવણી કર્યા બાદ તરત જ સમાર મારી ચાસ ઢાંકી દેવા જેથી જમીનમાંથી ભેજ ઉડીના જાય અને બીજનું સારૂ સ્ફુરણ થઈ શકે.

**(૭) છોડની સંખ્યાની જાળવણી :**

એકમ વિસ્તારમાં છોડની સંખ્યા જાળવણીથી ઉત્પાદન વધારે મળે છે. આ માટે બીજના ઉગાવા બાદ ખાલી જણાય ત્યાં ફરીથી દાણા મુકવા અને વાવણીના ૮-૧૦ દિવસ બાદ બે છોડ વચ્ચે ૧૦ સે.મી. અંતર રાખી પારવણી કરવી. હેકટરે ૬ થી ૮ લાખ છોડની સંખ્યા જાળવવી જોઈએ.

**(૮) રાસાયણિક ખાતર :**

શિયાળુ મગના પાક માટે હેકટર દીઠ ૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન અને ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસ આપવાની ભલામણ છે. આ બધા પોષક તત્ત્વો પાકને મળી રહે તે માટે વાવણી સમયે જરૂરી તમામ રાસાયણિક ખાતરો ચાસમાં ઓરીને આપવા.

**(૯) નિંદામણ અને આંતરખેડ :**

શિયાળુ મગના પાકને શરૂઆતના ૩૦-૩૫ દિવસના સમયગાળા દરમ્યાન નિંદામણ મુકત રાખવાથી વધારે ઉત્પાદન મળે છે. આ માટે એક નિંદામણ તથા એક આંતરખેડની જરૂર પડે છે. મજુરોની અછતના સમયે જરૂર